ગાંધીનગર સમાચાર
તા. ૨૦-૮-૨૦૧૩, મંગળવાર

તંત્રી સ્થાનેથી.....

શ્રાવણી પૂર્ણિમા : સૂતરના તાંતણાનો તહેવાર

પ્રેમ સાક્ષાત્ પરમાત્માનું સ્વરૂપ છે. પ્રેમ વિધવિધ સ્વરૂપે મહોરે છે. એ જ્યારે ભાઈ-બહેનના પ્રેમ તરીકે ખીલી ઊઠે છે ત્યારે હૈયે હૈયે બળેવ બેસે છે. સહોદરો વચ્ચે પ્રેમ જ હોય એવું નથી, વિજ્ઞાન તો એવા તારણ પર આવ્યું છે કે એક જ માતાનાં સંતાનો વચ્ચે એક ખાસ પ્રકારની શત્રુતા 'સિબલિંગ રાઈવલરી' પ્રવર્તતી હોય છે. બીજું બાળક જન્મે ત્યારે એનાથી મોટું ભાંડરું એને હરીફ માનીને અદેખાઈ કરવા લાગે છે. પરંતુ આ તો થઈ માતાના પ્રેમરૂપી મિલકતમાં ભાગલાગની વાત. સમજણ ફૂટતાંની સાથે વિજાતીય સહોદરો એકમેક માટે જીવ આપવા તૈયાર થઈ જતાં જોવા મળે છે. પિતૃસત્તાત્મક સમાજ વ્યવસ્થામાં બહેન બિચારી પારકા ઘરની વહુવારુ બની જતી હોય છે. એ ભાઈનું ભલું જ ઈચ્છતી હોય છે. સામે ભાઈના હૃદયમાં પણ બહેન માટે આજીવન કૂણી લાગણી રહ્યા કરે છે. ભાઈબહેનના આ નિર્મળ અને નિઃસ્વાર્થ સ્નેહને પોંખતાં બે પર્વો આપણા સંસ્કાર જીવનની યશકલગી સમાં છે. દીપોત્સવી પછી નવા વરસની લગોલગ 'ભાઈબીજ' આવે છે, જે દિવસે ભાઈ સામે ચાલીને બહેનના ઘરે જાય છે. શ્રાવણી પૂનમ કે બળેવ એ રક્ષાબંધનનું પર્વ છે જ્યારે બહેન એના ભાઈના ઘરે જઈ હૈયાની આશિષના પ્રતીક સમી રાખડી બાંધી એનાં દુખણાં લે છે. આપણા મહાન દેશમાં માતાપિતા કે પતિ-પત્નિ અથવા ભાઈ-ભાઈ માટે કોઈ અલગ તહેવાર નથી. તહેવાર ફક્ત ભાઈ-બહેન માટે અને ગુરુ-શિષ્ય માટે યોજાયા છે, કારણ કે આ લોકો એકમેકથી દૂર રહેતાં હોય છે. પશ્ચિમનું અનુકરણ કરી હવે આપણે ફાધર્સ ડે, મધર્સ ડે અને વેલેન્ટાઈન ડે ઊજવતા થયા છીએ. પરંતુ રક્ષાબંધનની સમર્પણ ભાવનાની મજા જ કંઈ ઓર છે. પ્રેમના પ્રતીક સમી કાચા સૂતરના તાંતણામાંથી બનેલી રાખડી એ બહેન તરફથી ભાઈને સાંપડતું વાર્ષિક રક્ષાકવચ છે. એની આંખોમાંથી નીકળી ભાઈના કાંડા ઉપર ઠરતી ઊર્જા એને જીવનના વસમા વાસ્તવ સામે ઝઝૂમવાની તાકાત આપે છે. રાખડી બહેન જ બાંધે તે જરૂરી નથી. ઈન્દ્રાણીએ દિગ્વિજય કરવા નીકળેલા ઈન્દ્રને રક્ષા બાંધી હતી. એ રીતે જૈન મુનિઓ એમના શ્રાવકોને રક્ષાપોટલી બાંધતા હોય છે. મહાભારતના યુદ્ધ વખતે માતા કુંતીએ એમના લાડકા પૌત્ર અભિમન્યુને રાખડી બાંધી હતી તો વળી શેરડી છોલતાં કૃષ્ણની આંગળી કપાયેલી ત્યારે દ્રોપદીએ એનો સાળુ ફાડીને પાટો બાંધી આપ્યો એના વળતર લેખે કૃષ્ણે એની ભરી સભામાં લૂંટાતી લાજનાં રખવાળાં કરવા ચીર પૂર્યાં હતાં. બહેન કોમળ છે, એને જીવનમાં ડગલે ને પગલે ભાઈના સલિયારાની, ફૂંફની જરૂર પડતી રહે છે. રાખડી બાંધીને એ સલિયારો અને ફૂંફ મેળવવાનો પરવાનો તાજો કરતી રહે છે. સામે એના હૈયે ભાઈ માટ- 'માડીજાયા વીર' જે લાગણીનાં ઘોડાપૂર ઊમટે છે તે ભાઈને ભલભલા પડકારો ખમવા સક્ષમ બનાવી દે છે. ભાઈબહેનના આ પ્રેમનાં અનેક ઉદાહરણો આપણા ઈતિહાસનાં પૃષ્ઠો પર સોનેરી અક્ષરોમાં આલેખાયાં છે. હુમાયૂ અને પદ્મિનીનો પ્રસંગ તો આ કાચા સૂતરના તાંતણામાં ધર્મ-સંપ્રદાય અને રાજા-બાદશાહ વચ્ચેની શત્રુતાને પણ ઓગાળી નાખવાની તાકાતનું ઉજ્જવળ ઉદાહરણ છે. શ્રાવણી પૂર્ણિમાના દિવસે જ ભગવાન વિષ્ણુએ વામનરૂપ લઈ બલીરાજાને બાંધીને પાતાળમાં પધરાવી દીધા હતા. બલી દાનવ હતો પરંતુ એની ઉચ્ચ કક્ષાની નીતિમત્તા સામે ખુદ ભગવાનને ઝૂકી જવું પડ્યું હતું. એને કમ્પની આપવા એમને ચાર મહિના પાતાળલોકમાં રહેવું પડે છે. બ્રાહ્મણો આ પવિત્ર દિવસે જનોઈ બદલે છે. યજ્ઞોપવીત બદલી જળમાં નારિયેળ પધરાવતા હોઈ એને નારિયેળી પૂનમ પણ કહેવામાં આવે છે. રક્ષાબંધન લાગણીભીનું સ્નેહપર્વ હોઈ હવે એકલા હિંદુઓનો તહેવાર ન રહેતાં રાષ્ટ્રીય સંસ્કૃતિનું પર્વ બની રહેલ છે. સૌને હૈપી રક્ષાબંધન!

કડી સર્વ વિદ્યાલય સંચાલિત શાળા-કોલેજોના ૫૦,૦૦૦ વિદ્યાર્થીઓ દ્વારા યોજાયેલ સામુહિક રક્ષાબંધન

તસવીર : નિકેશ બ્રહ્મભટ્ટ

ગાંધીનગર, તા.૧૯

કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ તથા કડી સર્વ વિશ્વવિદ્યાલય કડી- ગાંધીનગર કેમ્પસોમાં સોમવારના રોજ રક્ષાબંધન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ૫૦,૦૦૦ જેટલા વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓએ સામૂહિક રક્ષાબંધન તથા સાંસ્કૃતિક કાર્યક્રમની ઉજવણી કરવામાં આવી હતી.

કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી અને ગાંધીનગર સ્થિતિ બાલમંદિરથી ઉચ્ચત્તર માધ્યમિક શાળાના તમામ વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ દ્વારા ભાઈ-બહેનના સ્નેહના પ્રતિકરૂપે ઉજવાતા રક્ષાબંધન તથા સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન બંને કેમ્પસોમાં કરવામાં આવ્યું હતું. રક્ષાબંધન નિમિતે યોજાયેલ આ કાર્યક્રમમાં સંસ્થાના ૨૯,૦૦૦ વિદ્યાર્થી ભાઈઓ તથા ૧૯,૦૦૦ વિદ્યાર્થીની બહેનોએ રાખડીબાંધીને વિદ્યાર્થીભાઈઓનું મોં મીઠું કરાવ્યું હતું. વિદ્યાર્થીઓએ વિવિધ સાંસ્કૃતિ કાર્યક્રમોમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો.

આ પ્રસંગે કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચેરમેનશ્રી વલ્લભભાઈ એમ. પટેલે સવારે કડી કેમ્પસ ખાતે હાજર રહીને વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પૂરું પાડ્યું હતું. વિદ્યાર્થીનીઓએ વલ્લભભાઈ પટેલ સહિત સંસ્થા હોદ્દેદારો, દાતાઓ, ડાયરેકટરશ્રીઓને રાખડી બાંધી હતી.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે કડી-ગાંધીનગરના ૬૦ આચાર્યો, ૧૩૦૦ શિક્ષકો તથા બે હજાર સેવા કર્મચારીઓએ વ્યવસ્થા, ગોઠવણી અને જાળવણીની જવાબદારી સંભાળી હતી. બંને સ્થાનોએ સંચાલક મંડળના હોદ્દેદારો, ડાયરેકટરો, દાતાઓ, કાર્યકરતાઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

આ વખતે અમારો ભાઈ આવે છે.... તમારે રક્ષાની જરૂર પડશે...!!

પ્રેરણા વિદ્યાલયના રોપ સ્કિપિંગ વિજેતાઓને અભિનંદન

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર શહેરના સેકટર-૫માં આવેલી પ્રેરણા વિદ્યાલયનાં રોપ સ્કિપિંગ સ્પર્ધાના વિદ્યાર્થીઓએ તાજેતરમાં રોપ સ્કિપિંગ સ્પર્ધામાં ઉત્તમ દેખાવ કરી વિજેતા ક્રમ હાંસલ કર્યો છે. વિજેતાઓને શાળાના આચાર્યા સ્વાતિબા રાઓલ અને ટ્રસ્ટી પ્રદિપસિંહ બિહોલા તથા નરેશભાઈ શાહે અભિનંદન પાઠવી વધુ સફળતા હાંસલ કરવા શુભેચ્છાઓ પાઠવી છે.

મહારાણા પ્રતાપ હાઈસ્કૂલમાં વકતૃત્વ સ્પર્ધા યોજાઈ

ગાંધીનગર, તા.૧૯

સ્વાતંત્ર્ય દિન નિમિત્તે સિનિયર સિટિઝન્સ કાઉન્સિલની મહિલા પાંખ દ્વારા શ્રી મહારાણા પ્રતાપ હાઈસ્કૂલ, સેકટર-૨૭માં 'ભારતના ઘડતરમાં વિદ્યાર્થીઓનો ફાળો' એ વિષય ઉપર વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધામાં પ્રથમ ત્રણ નંબરે આવનાર વિદ્યાર્થીઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

મહારાણા પ્રતાપ હાઈસ્કૂલમાં યોજાયેલ વકતૃત્વ સ્પર્ધામાં શાળાના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સ્પર્ધામાં વિજેતા પ્રથણ ત્રણ વિદ્યાર્થીઓને બોલપેન આપવામાં આવી હતી. સોમાભાઈ પરમાર અને રમણલાલ શ્રીમાળીએ સ્પર્ધામાં નિર્ણાયક તરીકે સેવાઓ આપી હતી. અતિથિ વિશેષ તરીકે ગાયત્રી પરિવારના ગોવિંદભાઈ તથા સિ.સિ.કા.ના પ્રમુખ ભાનુપ્રસાદ પુરાણી હાજર રહ્યા હતા. ભારતના ઘડતરમાં વિદ્યાર્થીઓનો શું ફાળો હોય છે તે અંગેની વિસ્તૃત માહિતી આપી હતી. આમંત્રિત મહેમાન તરીકે નારી સંરક્ષણ ગૃહના પ્રમુખ શર્મિષ્ઠાબેન દવે હાજર રહ્યા હતા. સિ.સિ.કા.ના ટ્રસ્ટી સરોજબેન દેસાઈએ મહાનુભાવોનો પરિચય આપ્યો હતો. કાર્યક્રમનું સંચાલન મીનાબેન શાહે કર્યું હતું. આભારવિધિ જસુબેન ઠકકરે કરી હતી.

સોજા હાઈસ્કૂલમાં રક્ષાબંધન પર્વની અનોખી ઉજવણી

ગાંધીનગર, તા.૧૯

કલોલ તાલુકાની પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થા 'શેઠ એચ.એમ. સાર્વજનિક હાઈસ્કૂલ, સોજા'ના ઉપક્રમે આજ રોજ રક્ષાબંધનની ભવ્ય અને અનોખી રીતે ઉજવણી કરવામાં આવી હતી. બાળ ઊર્જા રક્ષક દળ અને ઈકો કલબના ઈન્ચાર્ચ શિક્ષક શ્રી રાકેશ પ્રજાપતિ અને ભરતભાઈ પટેલના પ્રેરક માર્ગદર્શનમાં બાળકોએ એક વિશાળ રાખડી બનાવી હતી. સદર રાખડીમાં પર્યાવરણ-સુરક્ષા અને ઊર્જા બચત અંગેના વિવિધ અનિવાર્ય-આવશ્યક-સૂચકાત્મક-પ્રતિકાત્મક-અભિપ્રેરક-અનુકરણીય પ્રચાર-પ્રસાર સૂત્રો પ્રદર્શિત કરવામાં આવ્યા હતા. પશુ સંવર્ધન, જૈવ વૈવિધ્ય સંરક્ષણ અને ઊર્જા જતનના અનેકવિધ પ્રોત્સાહક પોસ્ટર્સ-બેનર્સ-ભીંતચિત્રો-પ્રસારપત્રો પણ નિદર્શિત કરવામાં આવ્યા હતા. જનજાગૃતિ ફેલાવતા સદર કાર્યક્રમમાં શાળાના ઈકો કલબ, બાલ ઊર્જા રક્ષક દળ, સ્કાઉટ ગાઈડ, એનસીસી, એન.એસ.એસ.ના બાળકોએ અનેરા ઉત્સાહથી ભાગ લીધો હતો. બાળકોએ તૈયાર કરેલ રાખડી અનેરા આકર્ષણનું કેન્દ્ર બની રહી હતી. સમગ્ર કાર્યક્રમ અકંદરે સુંદર, સુવ્યવસ્થિત, અભિપ્રેરક, અનુકરણીય અને પ્રશંસનીય બની રહ્યો હતો એમ એક અખબારી યાદીમાં આચાર્યશ્રી ભાવેશભાઈ જોષીએ જણાવ્યું હતું.

કમલેશ શાહ રાષ્ટ્ર કક્ષાએ ટેબલ ટેનિસમાં ચેમ્પિયન

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગરના ટેબલ ટેનિસ ખેલાડી કમલેશ શાહે જૈન સોશ્યલ ગ્રુપની રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં પ્રથમ વિજેતા ક્રમ પ્રાપ્ત કરી ગાંધીનગરનું નામ રોશન કર્યું છે.

જૈન સોશ્યલ ગ્રૂપની ગુજરાત રિજનની ટેબલ ટેનિસ સ્પર્ધામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી કમલેશ શાહ રાષ્ટ્રીય કક્ષામાં ભાગ લેવા માટે પસંદગી પામ્યા હતા. રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધા તાજેતરમાં ઈન્દોર ખાતે આયોજિત કરવામાં આવી હતી, જેમાં ભાગ લઈ કમલેશ શાહ ચેમ્પિયન બન્યા હતા. આ ઉપરાંત ગુજરાત રિજનની ટીમે પણ આ રાષ્ટ્રીય કક્ષાની સ્પર્ધામાં ચેમ્પિયનશીપ પ્રાપ્ત કરી હતી. રિજનની ટીમમાં ભાગ લેનાર ગાંધીનગરના તેઓ એકમાત્ર ખેલાડી હતા.

નગરની ખેલપ્રેમી સંસ્થાઓ, વ્યક્તિઓ તરફથી તેમને અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજની બહેનો જિલ્લાકક્ષાની કબડ્ડી સ્પર્ધામાં વિજેતા

ગાંધીનગર, તા. ૧૯

રમત-ગમત યુવા અને સાંસ્કૃતિક સ્પર્ધા અને જિલ્લા રમતગમત અધિકારી દ્વારા જિલ્લાકક્ષાની મહિલા ઓપન કબડ્ડીની સ્પર્ધા તા. ૧૭ ઓગષ્ટ-૨૦૧૩ને શનિવારના રોજ જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા સંકુલમાં યોજાઈ હતી. જેમાં પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજની બહેનોએ વિજેતા બની કોલેજનું ગૌરવ વધાર્યું હતું.

જિલ્લાકક્ષાની મહિલા ઓપન કબડ્ડી સ્પર્ધા તાજેતરમાં ચૌધરી સંકુલમાં યોજાઈ હતી. જેમાં અનેક બહેનોની ટીમોએ ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજની બહેનોની ટીમે સુંદર દેખાવ કર્યો હતો અને વિજેતા બની હતી. આ ટીમમાં લક્ષ્મી જે. ચૌધરી, અંકિતા એમ. ચૌધરી, રીપલ જે. ચૌધરી, દક્ષા એમ. પચાંલ, મનિષા પી. ચૌધરી, હંસા એફ ચૌધરી, મંજુલા ચૌધરી, શાહ રમીલા, મંજુલા ચૌધરી, મંજુ ડેકલીયા, પ્રજાપતિ કિંજલ અને વર્ષા ચૌધરીએ ભાગ લીધો હતો. વિજેતા ટીમ આગળ સ્પર્ધામાં રાજ્યકક્ષાએ રમવા જશે. અને જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે. કબડ્ડીની ટીમને કોચીંગ આપીને તૈયાર કરનાર વ્યાયામપ્રાધ્યાપક વિનોદભાઈ ચૌધરી અને કોલેજના આચાર્ય ઊર્મિલાબેન ચૌધરી સહિત કોલેજ પરિવારે અભિનંદન શહ શુભેચ્છા પાઠવી હતી.

વનશ્રી ટ્રસ્ટ દ્વારા સ્વાતંત્ર પર્વની ઉજવણી

વનશ્રી ટ્રસ્ટ દ્વારા સ્વાતંત્ર દિન નિમિત્તે રામપુરા (ભવપુરા) ખાતે ધ્વજવંદન અને વૃક્ષારોપણનું આયોજન કરવામાં આવ્યું હતું. ગ્રીન એમ્બેસેડર અંજના નિમાવત દ્વારા ધવજવંદન કરાયા બાદ સ્કુલના બાળકોને નોટ, પેન્સિલ, પેન, રબરનું વિતરણ કરવામાં આવ્યું હતું અને ગામના સમગ્ર ઘર દીઠ ઔષધીય વૃક્ષનું વાવેતર વનશ્રી ટ્રસ્ટ દ્વારા કરવામાં આવ્યું હતું. કલોલના રેન્જ ફોરેસ્ટ ઓફિસર ભરત સોલંકી દ્વારા પ્રસંગોચિત ઉદબોધન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું આયોજન ચૈતન્ય નિમાવત અને ભાવનાબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

પી.કે. ચૌધરી મહિલા કોલેજ દ્વારા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા.૧૯

અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત જે.એમ.ચૌધરી શાળા સંકુલમાં સમગ્ર ચૌધરી શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા સ્વાતંત્ર પર્વની ઉજવણી કરવામાં આવી હતી.

પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજની એ.ન.એ.સ.એ.સ., એન.સી.સી., સ્પોર્ટસ અને સાંસ્કૃતિક વિભાગની વિદ્યાર્થીનીઓએ તથા સમગ્ર કોલેજ પરિવારે ખૂબ જ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ ઉજવણીમાં કોલેજની વિદ્યાર્થીનીઓએ સમુહ નૃત્ય 'જય જય ગરવી ગુજરાત' રજુ કર્યું હતું. જેનું માર્ગદર્શન સાંસ્કૃતિક વિભાગના કન્વીનર પ્રતિમા છનિયારા અને સોનલ મોદી દ્વારા આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે કોલેજના આચાર્યા ડો. ઉર્મિલાબેન ચૌધરીએ સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે સમગ્ર કોલેજ પરિવારને શુભેચ્છાઓ પાઠવી તેમજ સંકુલના પ્રમુખ મણીભાઈ કે. ચૌધરી દ્વારા પ્રસંગોચીત ઉદબોધન કર્યું હતું.

શિવરંજની ગાંધીનગર સંચાલિત સુગમ સંગીતના શિક્ષણના વર્ગમાં પ્રવેશ જોગ

ગાંધીનગરના સ્થાનિક યુવા કલાકારોને માટે અને સુગમ સંગીતમાં રસ ધરાવતા વિદ્યાર્થીઓ માટે સુગમ સંગીતનું શિક્ષણ મળી રહે તે વિશે છેલ્લા ઘણાં સમયથી શિવરંજની સંસ્થા સઘનપણે વિચારી રહી હતી. તેના ફળ સ્વરૂપે 'નવપલ્લવિત દશાબ્દિ વર્ષ' નિમિત્તે શિવરંજની સંસ્થાએ આ સુગમ સંગીતનું શિક્ષણ આપવાનું સ્વપ્ન પૂર્ણ કરેલ છે.

આ સુગમ સંગીના શિક્ષણના વર્ગમાં અમદાવાદના ખ્યાતનામ સુગમસંગીતના ગાયક કલાકાર અને સુગમ સંગીતના પ્રશિક્ષણના સફળ સંચાલક એવા શ્રી નયનભાઈ પંચોલીના માર્ગદર્શન હેઠળ શ્રી અરવિંદ કેન્દ્ર, સેકટર-૨૩ ગાંધીનગર ખાતે મે માસથી દર રવિવારે સવારે ૯.૩૦ થી ૧૧.૦૦ના સમય દરમિયાન સુગમ સંગીતના વર્ગો શરુ થઈ ગયા છે.

હજુ પણ જે વિદ્યાર્થીઓ આ સુગમ સંગીતના શિક્ષણના વર્ગનો લાભ લેવા ઈચ્છા ધરાવતા હોય તેઓએ શ્રી વાગ્મિન બુચ ૯૯૦૯૯૦૦૬૫૦, શ્રીમતી મમતાબેન રાવલ ૯૮૭૯૫૨૮૭૨૨, શ્રી પીનાકીન વ્યાસ ૯૮૭૯૭૪૧૯૯૪નો સંપર્ક કરવા જણાવવામાં આવે છે.

ઓપન વિભાગની સ્વીમીંગ સીલેકશન ટ્રાયલ યોજાશે

ગુજરાત સ્ટેટ એકવેટીક ચેમ્પીયનશીપ-૨૦૧૩ આગામી તારીખ ૭ અને ૮ સપ્ટેમ્બરના રોજ ગુજરાત વિદ્યાપીઠ સ્વીમીંગ પુલ અમદાવાદ મુકામે યોજાનાર છે. આ સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છતા સ્વીમર્સની ગાંધીનગર જિલ્લાની સીલેકશન ટ્રાયલ આગામી તારીખ ૧-૯-૨૦૧૩ના રોજ યોજાનાર હોઈ ભાગ લેવા માટેની એન્ટ્રી ફોર્મ સ્વીકારવાની છેલ્લી તારીખ ૨૮-૮-૧૩ છે. એન્ટ્રીફોર્મ મેળવવા માટે ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ સ્વીમીંગ એસોસીએશનનાં સેક્રેટરી ગુરુબક્ષસિંગ આનંદ મો. નં. ૯૭૨૪૧૭૮૩૫૬ નો સંપર્ક સાધવો.

જિલ્લા કક્ષાની રાયફલ શૂટિંગ સ્પર્ધા યોજાશે

જિલ્લા કક્ષાની એર રાયફલ શૂટિંગ સ્પર્ધા તારીખ ૨૪-૨૫ ઓગસ્ટને શનિ તેમજ રવિવારના રોજ સેકટર-૧૨ સ્વામી વિવેકાનંદ વિદ્યાલય ખાતે યોજાશે. જેમાં દરેક સ્પર્ધકોએ ઉપરોકત તારીખોએ તેમજ સ્પર્ધકીએ આપવામાં આવેલ સમયે હાજર રહેવા જણાવાયું છે. તેમજ સ્પર્ધામાં જોડાવા કે એન્ટ્રી બાબતે નટુભાઈ લાડાણી (મો) ૯૮૨૫૪૯૨૭૦નો સંપર્ક સાધવા જણાવાયું છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ સબ જુનિયર, જુનિયર, સિનિયર અને ઓપન વિભાગની ભાઈઓ તેમજ બહેનોની સ્પર્ધા ગાંધીનગર ડિસ્ટ્રીકટ રાયફલ એસોસિએશન દ્વારા ઉપરોકત સમયે અને તારીખે યોજવામાં આવશે.

સરકારી વિનયન કોલેજ દ્વારા રક્ષાબંધનની અનોખી ઉજવણી

ગાંધીનગર, તા.૧૯

સરકારી વિનયન કોલેજ ગાંધીનગર દ્વારા અનુસ્નાતક વિભાગના સેમેસ્ટર-૧નાં ૨૦ વિદ્યાર્થીઓ દ્વારા સરગાસણ સ્થિત 'માનવ સ્મૃતિ' કેન્દ્રના મંદ બુદ્ધિવાળા બાળકો સાથે મળીને રક્ષાબંધનના પર્વની ઉજવણી કરી હતી.

'માનવ સ્મૃતિ'માં મંદ બુદ્ધિ વાળા બાળકોની નિવાસી શાળા સરગાસણની મુલાકાત કોલેજના વિદ્યાર્થી ભાઈઓ-બહેનો દ્વારા લેવામાં આવી હતી. જેમાં બહેનોએ મંદબુદ્ધિવાળા બાળકોને રાખડી બાંધી તેમના સારા સ્વાસ્થ્ય માટેની શુભેચ્છાઓ પાઠવી હતી. જેમાં કોલેજના ભાઈઓ દ્વારા ચોકલેટ, પેંડાનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં સંસ્થાના સંચાલક ભાવેશભાઈ પટેલ અને સ્ટાફગણે સંસ્થા અને બાળકો વિશેની માહિતી આપી હતી. જેમાં મંદબુદ્ધિવાળા બાળકોને અલગ-૨ તાલીમ દ્વારા પગભર કરવામાં આવે છે તેની માહિતી પણ આપવામાં આવી હતી. મુલાકાત દરમિયાન સમાજ શાસ્ત્રના અધ્યક્ષ ભાગવતબેન, અધ્યાપક રાહુલભાઈ ભટ્ટ, અધ્યાપિકા સોનલ મોદી ઉપસ્થિત રહ્યા હતાં.

ચર્ચાસભા

- નિરંજન ઓઝા

હાલના વિદ્યાર્થીના વાલીની વેદના અને વ્યથા

આમ તો કોઇને કોઇ વ્યથા દરેકના ભાગ્યમાં લખાયેલી હોય છે પરંતુ હાલના વિદ્યાર્થીઓનાં વાલી જેટલું વ્યથિત બીજું કોઇ ભાગ્યે જ હશે.

વાલીઓ હોંશે હોંશે પોતાના બાળકને સારી નિશાળમાં પ્રવેશ માટે જાય છે. પરંતુ ત્યાં સહેલાઇથી પ્રવેશ મળતો નથી. ઘણીવાર તો પ્રવેશ તો વાલીઓ પાસેથી હજારોના ડોનેશનની રજૂઆત કરવામાં આવે છે. બીજું કઇ નહિ તો વગદાર વ્યક્તિની ભલામણ માટે ટાંટિયા ઢીલા કરવા પડે છે. શિક્ષણ સંસ્થાઓના 'ત્રાસ' ભોગવ્યા સિવાય વાલીઓ તેમના પુત્ર કે પુત્રીને શાળામાં પ્રવેશ અપાવી શકતાં નથી.

પ્રાથમિક ધોરણમાં વાલીઓને ઊંચી ફી આપવી પડે છે. કેટલીક ખાનગી શાળાઓ તો છેવટ સુધી ઊંચી ફી લે છે. બાળકને હોસ્ટેલમાં (છાત્રાલય) રાખવાની ફરજ પડે છે તો તેનો ખર્ચ જુદો ઉપાડવો પડે છે. પાઠ્યપુસ્તકો ઉપરાંત ગાઇડો ઢગલાબંધ નોટબુકો, સ્વાધ્યાયપોથીઓ અને પ્રયોગ પુસ્તિકાઓનાં ખર્ચનો બોજો પણ વાલીઓએ ભોગવવો પડે છે વિદ્યાર્થીને ખીસ્સાખર્ચ આપવાનું પણ જરૂરી બની જાય છે. એમાંથી બાળકો બજારની દૂષિત વસ્તુઓ ખાય અને માંદા પડે એટલે ઇલાજ કરવો પડે છે. બાળક માટે ટ્યુશન હોય છતાં બાળક નાપાસ થાય તો વાલીને ભારે હૈયે તે વ્યથા પણ ખમવી પડે છે. શાળામાં ઉચ્ચ ધોરણનાં અને કોલેજના વિદ્યાર્થીઓમાં કોચિંગ ક્લાસોનો રોગચાળો ત્યારે પ્રમાણમાં વ્યાપી ગયો છે. બાળકના સારા ભાવિ માટે મોંઘવારીના આ જમાનામાં વાલીઓને ના છૂટકે આ ક્લાસોનો અતિરેક ખર્ચ પણ સહન કરવો પડે છે.

દરેક માબાપની એવી ઇચ્છા હોય છે કે પોતાના સંતાનો કોલેજમાં જઇને ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરે. પરંતુ કોલેજમાં ખરાબ સોબતે ચડેલા જુએ છે ત્યારે માબાપની વેદનાનો પાર રહેતો નથી. સિગરેટ, દારૂ કે નશાસેવનના વ્યસનમાં પડેલા વિદ્યાર્થીના માબાપની આશાઓ ધૂળમાં મળી જાય છે. વળી કોલેજોમાં શૈક્ષણિક ભ્રષ્ટાચારનું અનિષ્ટ પણ ખૂબ ફ્લ્યુંફાલ્યું છે. કોલેજમાં બાળક કંઇ ખોટું કરે અથવા ગેરરીતી આચરે તો છેવટે તેની સજા વાલીને જ ભોગવવી પડે છે.

આજે તો કોલેજોમાં તોફાનો અને આંદોલનોનો વાયરો વાય છે. અસામાજિક તત્વો અને કેટલાંક રાજકારણીઓ પોતાના સ્વાર્થ માટે વિદ્યાર્થીઓને ગેરમાર્ગે દોરતા હોય છે. શિક્ષણ મેળવવાને બદલે પોતાના બાળકોને આમ ગુમરાહ થયેલા જોઇને મા-બાપની મૂક વ્યથા પરાકાષ્ઠાએ પહોંચે છે. ઘણીવાર કોલેજેમાં પરીક્ષાઓની અનિશ્ચિતતાને લીધે વાલીઓને પોતાની વેકેશનની યોજનાઓ પડતી મુકવી પડે છે.

ડિગ્રી મેળવીને પોતાના સંતાનો કામધંધે લાગે તો વાલીનું અહોભાગ્ય, પરંતુ ડિગ્રીએ કંઇ નોકરી કે કામધંધો મેળવાની ગેરંટી નથી. દેશમાં આજે લાખો શિક્ષિત બેકારી પોતે મેળવેલાં શિક્ષણના નામે આંસુ સારી રહ્યા છે. આવા યુવકોના વાલીઓનાં હૈયા ભાંગે નહિં તો શું થાય? વળી બેકારીની લાંબી અવધિ યુવકોને પણ હતાશાની ગતમાં ધકેલી દે છે. પૈસા માટે તેઓ ચોરી કરવા પ્રેરાય છે, જુગારા રમે છે અને દાણચોરો કે અસામાજિક તત્ત્વો સાથે હાથ મિલાવે છે. મેળવેલું શિક્ષણ નિરર્થક નીવડતાં તેઓ માદક દ્રવ્યોના વ્યાપારમાં પણ ઝપલાવતાં અચકાતા નથી. આજની અંધારી આલમ શિક્ષિત બેકારોનું શરણસ્થળ બની ગઇ છે, બિચારા વાલીઓ શું કરે?

ખરેખર, આજના વિદ્યાર્થીના વાલી ભારે વિસામણમાં પડેલા છે. એક બાજુ સંતાનોને શિક્ષણ આપવું અનિવાર્ય ફરજ લાગે છે તો બીજી બાજુએ શિક્ષણનો કોઇ નક્કર ઉપયોગ જણાતો નથી. બિચાર વાલી ત્રિશંકુની જેમ અદ્ધર ઝુલી રહ્યા છે. તેમની વ્યથા-વેદનાનું માપ કાઢવાની શાસનને, શિક્ષણતંત્રને કે શિક્ષણ સંસ્થાઓને ફૂરસદ જ ક્યાં છે? સંતાન માટે કરેલા ત્યાગ અને બલિદાન ઉપર પાણી ફરી વળતું જોઇ વાલીને ડંખતા ઘા રૂંઝવનાર છે કોઇ?